# પ્રસ્તાવના

શ્રીમતી રાણી ચંદનો જન્મ પૂર્વ બંગાળમાં થયો હતો. એમના પિતાજી કુલચંદ્ર દે કાવ્યો લખતા. એમના મોટા ભાઈ મુકુલ દેએ શાંતિનિકેતનમાં અભ્યાસ કર્યો હતો. ત્યાર બાદ કલકત્તાની ગવર્નમેન્ટ આર્ટ કૉલેજના પ્રિન્સિપાલ તરીકે એમણે ફરજ બજાવી.

શ્રીમતી રાણી ચંદ ૧૯૨૭માં શાંતિનિકેતન આવ્યાં. રવીન્દ્રનાથનાં તેઓ નિકટનાં સ્નેહીજન હતાં. એમના પતિ શ્રી અનિલકુમાર ચંદ રવીન્દ્રનાથના સેક્રેટરી હતા. એમણે શાંતિનિકેતનમાં કલાભવનમાં આચાર્ય શ્રી નંદલાલ બસુ પાસે ચિત્રકળાની તાલીમ લીધી.

રવીન્દ્રનાથની છેલ્લી માંદગી સુધી એમની પાસે રહ્યાં, એમની સંભાળ લીધી. ગુરુદેવ સાથેની સહજ વાતો - ચર્ચા, વિવિધ પ્રસંગોની તેઓ નોંધ કરતાં રહેતાં.

'આલાપચારી રવીન્દ્રનાથ' અને 'ગુરુદેવ' (૧૯૬૨) આ બે પુસ્તકોમાં એમણે ખૂબ સુંદર રીતે એ બધું રજૂ કરેલું છે.

તે ઉપરાંત 'શિલ્પીગુરુ અવનીન્દ્રનાથ', 'પૂર્ણકુંભ', 'આમાર માર બાપેર બાડી', 'હિમાદ્રિ' વગેરે પુસ્તકો પ્રસિદ્ધ થયેલાં છે.

પશ્ચિમ બંગાળ સરકાર તરફથી રવીન્દ્ર પુરસ્કાર મળ્યો અને રવીન્દ્રભારતી સોસાયટી તરફથી સન્માનિત થયેલાં છે.

# ગુરુદેવ

સાલ, તારીખ યાદ નથી, યાદ રહેતું પણ નથી. ત્યારે ખાસ્સી મોટી થઈ ગઈ હતી. વિક્રમપુરથી માની સાથે અમે કલકત્તા આવ્યાં, એના થોડા વખત પછી મોટા ભાઈ બાર વર્ષ વિલાયત રહીને દેશ પાછા ફર્યા. આવ્યા એવા જ ગુરુદેવ રવીન્દ્રનાથને શાંતિનિકેતન પ્રણામ કરવા ગયા. દીદી અને મને - બંને બહેનોને સાથે લીધાં.

બરાબર યાદ છે - બપોરની કોઈ એક ટ્રેનમાં લાંબા ઇન્ટર કલાસના એક ડબામાં બારી પાસે સામસામે અમે બંને બહેનો બેઠાં છીએ. થોડો સંકોચ, થોડો ગભરાટ - પણ હૃદયમાં છૂપો આનંદ, સમજણાં થયાં પછી શહેરમાં અમારું ફરવાનું આ પહેલી વાર થયું. નાનપણમાં પિતાજી ગુજરી ગયા. તે જ વખતમાં મોટા ભાઈ ગુરુદેવ સાથે જાપાન ફરી આવ્યા હતા. મા અમને લઈને ઢાકા ચાલી આવ્યાં, મોટા ભાઈ વિલાયત ગયા. અમારે માટે શહેર એટલે ઢાકા. ગામ એટલે શ્રીધરપુર - મામાનું ઘર.

બંને બહેનો ગુસપુસ કર્યા કરીએ. ગુરુદેવને પહેલાં નજરે જોયા નહોતા, પણ એમને જાણતાં તો હતાં જ. ને બહુ સારી રીતે જાણતાં હતાં, પોતાના સ્વજનની જેમ જાણતાં હતાં. માની પાસે એક મોટી કાળા રંગની સ્ટીલની ટ્રંક હતી, માણસ એની અંદર સૂઈ શકે એટલી મોટી. ચિત્રો, ચોપડીઓ, ગુરુદેવના ફોટા, એમના અક્ષરમાં લખેલી કવિતાઓ, પત્રો અને એની સાથે મોટા ભાઈના દોરેલા નાનામોટા અસંખ્ય સ્કેચ - આ બધાંથી આખી ટ્રંક ભરેલી હતી. વર્ષમાં બે વાર એ ટ્રંક ખોલી મા ચિત્રો, કાગળો તડકામાં તપાવતાં. અમને બંને બહેનોને એની દેખરેખ માટે બેસાડતાં. પવન આવતાં કંઈ ઊડી ન જાય એટલે તે વખતે જ એ બધું આમથી તેમ ફેરવી ફેરવીને જોતાં. અમે બેય બહેનો ફોટાના આલબમ માટે ખેંચમતાણી કરતાં. આ બધું જ અમને ખૂબ પ્રિય હતું. વર્ષમાં બે વાર આ ફોટા ફરી વાર જોવા મળશે એ દિવસની રાહ જોતા.

મા પાસેથી સાંભળ્યું હતું કે મોટા ભાઈએ પોતે આ બધા ફોટા પાડ્યા હતા. મોટા ભાગના ગુરુદેવના જ - આશ્રમમાં મંદિરે જતાં, મંદિરની સામે, મંદિરની સીડી પર બેઠેલા, વિદ્યાર્થીઓ સાથે, લખવાના ટેબલ પર બે હાથ ટેકવીને વિચારતા ગુરુદેવ - કેટલા બધા એમના ફોટા! ઝાડ નીચે આશ્રમનો ક્લાસ, શાલબીથિ, વેણુકુંજ, દેહલિ (શાંતિનિકેતનમાં રવીન્દ્રનાથનું નિવાસસ્થાન) દ્વારિક - પ્રતિમા દેવી, હેમલતા દેવી, લાવણ્ય દીદી ફોટામાં જોયેલા એ બધાને અમે ઓળખતા હતા. તે ઉપરાંત મા પાસે કેટલીય વાતો સાંભળેલી, નાનપણથી પિતાજીએ મોટા ભાઈને શાંતિનિકેતન બ્રહ્મચર્ય આશ્રમમાં ભણવા મોકલ્યા હતા. ત્યાં જ એ મોટા થયા. દરેક રજામાં જ્યારે એ ઘેર આવતા ત્યારે માને બધી વાતો સંભળાવતા. આ બધી વાતો આ બાર વર્ષમાં કેટકેટલી વાર સાંભળી છે - આશ્રમના રસ્તા, મેદાન, વૃક્ષો બધાની સાથે જાણે મારે ઘનિષ્ઠ પરિચય ન હોય!

અજય નદી દેખાતાં મોટા ભાઈ કહેઃ હવે થોડાક જ માઈલ બાકી રહ્યા, તે પછી જ બોલપુર, તે વખતમાં સ્ટેશને ટૅક્સી કે રિક્ષા નહોતાં. સ્ટેશનથી શાંતિનિકેતન સુધીનો બે માઈલનો રસ્તો, બળદગાડીમાં જવું પડતું, નહીં તો, ચાલતાં, કદાચ અમે ચાલીને જ ગયાં હતાં. કુલી સામાન ઉપાડીને આવ્યો હતો. કયા સમયે આશ્રમ પહોંચ્યાં તે યાદ નથી. એ સાંજે ગુરુદેવને જોયા કે નહીં તે પણ યાદ નથી કે તેઓ ક્યાં બેઠા હતા, શું કરતા હતા તે પણ યાદ નથી. કેમેય એ સાંજ યાદ નથી આવતી, જવા દો - જ્યાંથી બરાબર યાદ છે ત્યાંથી જ શરૂ કરું.

આશ્રમનું ત્યારનું સૌથી પહેલું મકાન બન્યું હતું - ગેસ્ટ હાઉસ. અમે ત્યાં જ રહ્યાં હતાં. બીજે દિવસે ખૂબ વહેલી સવારે ઊઠ્યાં. ગેસ્ટ હાઉસની પાસે જ રસ્તાની બીજી બાજુ ધર્મશાળા. ત્યાં આંગણામાં જામલી રંગના શિમ ફૂલો અને આકંદનાં ફૂલોથી માંડવો ભરાઈ ગયો હતો. મોટા ભાઈ વિદેશથી પ્રખ્યાત સ્ટેટમરનો હાથથી બનાવેલો એક માટીના રંગનો નાનો વાડકો લઈ આવ્યા હતા, બે હાથમાં સરસ રીતે ગોઠવાઈ જાય એવા એ વાડકામાં શિમ ફૂલ અને આકંદનાં ફૂલ તોડીને ભરી દીધાં, લઈને ચાલી અમે બે બહેનો ગુરુદેવને પ્રણામ કરવા.

ઉત્તરાયણમાં ઉદયનની બીજા માળની સીડી પાસે જે નાનો ઓરડો, એની આજુબાજુમાં ત્યારે દીવાલ ચણવામાં આવી નહોતી. થાંભલા ઉપર ખાલી ઢળતું છાપરું. ત્યાં. બેસીને ગુરુદેવ લખતા હતા. યાદ આવે છે, ઓરડામાં જઈને પ્રણામ

કરવા ગયાં - ફૂલ જોઈને કેટલા બધા ખુશ થઈ ગયા! કહે, 'કોણ આવ્યું આ મને આનંદની ભેટ આપવા? કહેતાં કહેતાં બે હાથ આગળ લંબાવી ફૂલ ભરેલો વાડકો એમણે મારા હાથમાંથી લઈ લીધો.

બહુ દિવસો પછી મોટા ભાઈ આવ્યા હતા. એમની સાથે જ વધારે વાતો થઈ. અમને પૂછ્યું, 'તમે લોકોએ આશ્રમ જોયો? બીજી બધી છોકરીઓ સાથે ઓળખાણ થઈ? જાવ, જાવ, મળી આવો બધાને. છોકરીઓ સાથે ઓળખાણ કરવામાં બીજું શું? હા ભાઈ, હું ભાઈ, કરીશ એટલે ઓળખાણ થઈ જશે.' સાંભળીને ખિલખિલ કરતાં હસી પડી, બીજું શું બોલ્યા તે સાંભળી પણ ન શકી. સાથે સાથે ગુરુદેવ પણ હસવા લાગ્યા.

છોકરીઓની સાથે ઓળખાણ કરાવી આપવા મોટા ભાઈ અમને છોકરીઓની હૉસ્ટેલ તરફ લઈ ગયા. તે વખતે 'દ્વારિકે' છોકરીઓની હૉસ્ટેલ હતી. ઈંટોથી બાંધેલું ખડનાં છાપરાંવાળું બે માળનું મકાન. પડું પડું થતું હતું તોય આટલો વખત ટક્યું, થોડા વખત પહેલાં જ એ મકાન તોડી નાખવામાં આવ્યું. સ્ટેશનથી આશ્રમમાં પ્રવેશતાં રસ્તાની ધારે જ દ્વારિક. તે વખતમાં આશ્રમમાં નવું કોઈ આવે તો જૂના લોકો જાણે બે હાથ લંબાવી એને પાસે ખેંચી લેતા. એ આત્મીયતા અમારા વખત પછી પણ બહુ સમય સુધી ચાલુ રહી હતી. અત્યારે આશ્રમ વધતાં વધતાં એટલો વધી ગયો છે કોણ આવ્યું કોણ ગયું એ ખબર જ ન રહે.

નુટુદી, અનુદી, ઇભાદી તથા બીજા જેટલા લોકો હતા તે સૌ અમને વીંટળાઈ વળ્યા. ગુરુદેવે કહ્યું હતું 'હા ભાઈ, હું ભાઈ કરવાનું - એ વાત કહેતાં કહેતાં એટલું હસ્યા, સાંભળીને એ લોકો પણ હસ્યા. થોડી જ વારમાં બધાની સાથે મેળ જામી ગયો. એમની સાથે રમવાના મેદાનમાં, આમ્રકુંજ, બકુલવીથિ, છાતિમતલા બધે ફરવા લાગ્યા. મોટા ભાઈ ગુરુપલ્લીનાં ઘરેઘર લઈ ગયા, એકસાથે લાઇનમાં માટીની કુટિર. શિક્ષકો પોતપોતાનો સંસાર વસાવી રહેતા. જોતજોતાંમાં ત્રણ દિવસ જાણે એક પલકમાં પૂરા થઈ ગયા.

યાદ છેઃ ટ્રેનમાં બેસીને જ્યારે અજય ફરીથી પસાર કરી ત્યારે અમે બે બહેનો રડી પડી હતી, જાણે અહીંથી પણ આશ્રમને જોઈ શકતાં હતાં આટલી વાર, હવે એ આંખોથી દૂર થયું.

થોડાક મહિનાઓ પછી મોટા ભાઈ કલકત્તાની સરકારી આર્ટ કૉલેજના પ્રિન્સિપાલ થયા. ચૌરંગી પર મહેલ જેવું આર્ટ કૉલેજનું મકાન, એના જ બીજે માળે પ્રિન્સિપાલનો ફ્લેટ, એ પણ કેટલો ભવ્ય. બે બાજુ મોટા મોટા ઓરડા, વચ્ચે કૉરિડોર, પૂર્વ તરફ ખુલ્લો વરંડો, નીચે બગીચો, તળાવ, દિવસરાત પ્રકાશ પડછાયાની રમત ચાલ્યા કરે.

તળાવ છે એમ જાણીને ગુરુદેવ ખુશ થઈ ગયા. ગુરુદેવને પાણી જોવું ખૂબ ગમતું. ગુરુદેવ આવ્યા ચૌરંગીના એ ફ્લૅટમાં, થોડા દિવસ ત્યાં રહેવાનું કરીને તે વખતે ત્યાં દીદી, હું, નાનો ભાઈ અને મોટા ભાઈ રહેતાં હતાં. ખુલ્લા વરંડાની બાજુમાં બેઠકખંડ, ખુલ્લું આકાશ, તળાવનું પાણી જોઈને ગુરુદેવને ખૂબ આનંદ આવતો. સૂવાના સમય સિવાય બાકીનો સમય એ ઓરડામાં અને વરંડામાં પસાર કરતા. અમે બેય બહેનો પડછાયાની જેમ સાથે ને સાથે રહેતી. પિતૃસ્નેહથી વંચિત હૃદય આટલો સ્નેહ જીવનમાં ક્યારેય પામ્યાં નહોતાં. ગુરુદેવ પાસેથી થોડી વાર માટે પણ ખસતાં નહીં. થોડું પણ કોઈ કામ માટે અહીંથી તહીં ગયાં હોઈએ તો પાછાં તરત જ આવીને એમની પીઠ પાછળ ઊભાં રહીએ અથવા એમની પાસે જમીન પર ચૂપચાપ બેસી રહીએ. ગુરુદેવ લખતાં, ચિત્ર કરતાં, સાથે સાથે પ્રેમથી આ સ્નહવંચિત હૃદયને એમની પાસે ખેંચી રાખતાં. કલાકોના કલાકો આ રીતે પસાર થઈ જતા.

બસ, એ તે વખતથી જ એમણે રેખાથી રેખા મેળવીને ચિત્ર કરવાનું શરૂ કર્યું હતું. એકચિત્તે હું તે જોઈ રહેતી. લીટીઓ દોરતાં દોરતાં જેવું કંઈ આકાર જેવું લાગતું કે આનંદથી હસી ઊઠતી. ગુરુદેવ પણ એ જોઈને ખુશ થઈ જતા. અમારી આ જાણે એક રમત. આ રમત છેક સુધી ચાલી. તે પછી એમના જીવનનાં છેલ્લાં કેટલાંક વર્ષો એમની પાસે રહીને જ ગાળ્યાં હતાં. ગુરુદેવનાં

મોટા ભાગનાં ચિત્રો મારી આંખ સામે દોરાયેલાં છે. આજે પણ કયું ચિત્ર ક્યાં બેસીને દોર્યું હતું, ચિત્ર કરતાં શું બોલ્યા હતા, કયા મૂડમાં દોર્યું હતું તે હું કહી શકું. એમનાં ચિત્રો વિશેની વાત પછી કહીશ, જોકે અહીં જ ચૌરંગીથી જ એમનાં ચિત્રોની રમતથી ગુરુદેવે મને એમની તરફ ખેંચી હતી અને કાયમ ખેંચી રાખી હતી. આજે સમયના પટ પર આંખ સામે બીજી એક છબી પણ ઊપસી આવે છે.

ગુરુદેવ માટે જુદો રસોઇયો હતો. એ ગુરુદેવની રુચિ અનુસાર રસોઈ બનાવતો. હું અને દીદી રોજ કંઈકનું કંઈ બનાવતાં, નહીં તો અમને ચેન પડતું નહીં. પૂર્વ બંગાળની છોકરીઓ, ગુરુદેવ લાડથી અમને 'પદ્માપારની કન્યા' કહીને બોલાવતા. મરચા વગર રસોઈ કેવી રીતે થાય, તે અમે સમજી જ શકતાં નહોતાં. વળી ગુરુદેવ તીખું ખાઈ શકતા નહોતા. ગુરુદેવ કહેતાઃ દાળમાં મરચું નાખવાની શી જરૂર? મરચા વગર જ દાળ બનાવો. ને આ તો બહુ મોટી સમસ્યા. મરચા વગર દાળનો વઘાર કેવી રીતે થાય! બંને બહેનોએ વિચાર કર્યો, દાળમાં મરચાનો વઘાર કરીને મરચું બહાર કાઢી લઈશું એટલે એમને ખબર નહી પડે. બાળકબુદ્ધિ, એટલે એમને ખબર નહીં પડે એમ વિચારતાં. મરચાનો વઘાર કરતાં જ બેત્રણ ઓરડા છોડીને એની તીવ્ર વાસ ગુરુદેવને આવે એ વાત અમને ખ્યાલમાં ન રહેતી. રસોઈ કરી દાળનો વઘાર કરી ગુરુદેવના ઓરડામાં આવી. ગુરુદેવને જાણે કોઈ તીવ્ર વાસ આવતી હોય એમ બતાવી જોરથી શ્વાસ લઈને ત્રાંસી આંખે જોયું. સમજતાં વાર ન લાગતી કે વઘારેલા મરચાની તીવ્ર વાસ તરફ ઇશારો છે. એમની એવી મુદ્રા જોઈને હસીને મોઢા પર પાલવ દાબીને ઓરડામાંથી ભાગી જતી.

કોઈ કોઈ વાર ફાજલ સમયમાં ગુરુદેવ અમને અંગ્રેજી ભણાવવા બેસતા. યાદ આવે છે કે પહેલા દિવસે 'crescent moon'ની બાળક વિશેની કવિતાઃ બાળક માને પૂછે, 'હું ક્યાંથી આવ્યો, ક્યાંથી લઈ આવી તું મને 'where have I come from, where did you pick me up! આ એક જ લીટી જુદી જુદી રીતે એના અર્થ સમજાવીને શીખવાડી. એમની શીખવવાની પદ્ધતિ જ અદ્ભુત હતી. તે વખતે આ બધું અમે સમજી શકતાં હતાં કંઈ? એક જ લીટી શીખવતા આટલી બધી વાર લાગે! બીજે દિવસે આખી અંગ્રેજી કવિતા જ પહેલેથી કંઠસ્થ કરી રાખી. ગુરુદેવ હજી કંઈ પૂછે એ પહેલાં તો ગડ ગડ કરીને બોલવા માંડું, એમ માનું કે ગુરુદેવ કેટલા ખુશ થાય છે! ગુરુદેવ કહેઃ જોને શીખવ્યા વગર

જ શીખી લીધું. આટલી બધી બુદ્ધિ! બોલતાં બોલતાં તેઓ હસી પડ્યા. મને પણ એ દિવસે થોડી શરમ આવી તો પણ એમની સાથે હસી પડી.

તે વખતે સમજતી નહોતી. આજ સમજુ છુંઃ માણસમાત્ર રમવા માગે છે. માટીથી, ધૂળથી શિશુમનના એક આનંદની રમત. દિવસે દિવસે મોટો થતો જતો માણસ એનાથી દૂર જતો જાય છે, પરંતુ આ એક મુઠ્ઠી ધૂળ માટે એની ઇચ્છા રહી જાય. સમય મળતાં જ પોતાને ભૂલીને થોડી વાર માટે એ થોડું રમી લે. આ થોડો વચ્ચેનો સમય દરેકના જીવનમાં હોવો જોઈએ.

ઉંમર વધતાં પણ હું મોટી થઈ નહોતી. શહેરની હવા હજી પણ શરીર પર લાગી નહોતી. બોલવાચાલવામાં ગામડાની છાંટ, આરામના - નવરાશના સમયમાં ગુરુદેવ મને પાસે બેસાડીને ગીત સંભળાવતાઃ

*'જય જદૂ લંદન જગત જીવન*
*ઓ તુમિ-ભબે આઇસ્યા કરલા કિ?'*

બાંગાલ (બાંગલા દેશી પૂર્વ બંગાળ)ની જેમ 'જ' 'ય'ના ઉચ્ચારો કરી એક એક લીટી ગાઈ સંભળાવતા અને હું સાંભળીને હસીને લોથપોથ થઈ જતી. બાપ રે, શું હસતી! જેટલું હસું એટલું ગુરુદેવ ગાતા જતાઃ

*'ઓ તુમિ - ભબે આઇસ્યા કરલા કિ?*
*જય જદૂ લંદન'*

કોઈ કોઈ વાર વળી પદ્મા નદીની વાત કરતા. મારી જ ઉંમરની એક છોકરી ગુરુદેવ પાસે રોજ આવતી. એક દિવસ ગુરુદેવે મને પૂછ્યુંઃ પદ્માપારની છોકરી, કહે તો કોઈ દિવસ કેડમાં ઘડો લઈને પાણી ભરી લાવી છે?

મેં કહ્યું, 'હા, કેટલીય વાર મામીમા સાથે કેડમાં ઘડો લઈને નદીને ઘાટે ગઈ છું. મામાને ઘેર ગરમીના દિવસોમાં તળાવનું પાણી સુકાઈ જતું. ગામની વહુ-દીકરીઓ એકસાથે પીવાનું પાણી નદીએથી ભરી લાવતી અમને બંને બહેનોને. દાદીમાએ બે પિત્તળના નાના લોટા ખરીદી આપ્યા હતા.

ગુરુદેવ કહેઃ અને આ જો ને, આ શહેરની બહેનોને વિશ્વાસ નથી પડતો એ વાતનો કે કેડમાં ઘડો ભરીને પાણી લાવવું એ વાત તો કવિતાની થઈ ગઈ. વાસ્તવિક નથી.

ગુરુદેવ શિલાઇદાની વાતો કરતા. હું એમને મામાના ઘરની વરસાદની મજાની

વાતો સંભળાવું. માછલી પકડવાની જાતભાતની રીતોની વાત કરું. બીજી અનેક માઘમંડળ, સુવચની, મંગળચંડી વ્રતની અનેક વાતો કરતી.

લાંબા નીચા એક સોફા પર અર્ધસૂતેલી સ્થિતિમાં ગુરુદેવ આરામ કરતા. સામે જમીન પર હું બેસતી. તે દિવસે ગુરુદેવે મન ઇંતેજારીથી પૂછ્યુંઃ સુવચની વ્રત? તો થાય છે જ ને, મેં કહ્યું. તળાવ પર પથ્થરથી બાંધેલા ઘાટ પર થાય. તેલ અને કંકુ ભેગાં કરીને સૂવચની દોરે, વ્રતકથા કહે. આડોશપડોશની વહુબહેનો બધા આવે. ઘાટ પરથી ઉલુધ્વનિ સંભળાય એટલે ખબર પડે કે કોઈ શુભ સમાચાર છે, કંઈક શુભ થયું છે, એટલે કે ઘાટ પર સુવચનીનું વ્રત કરવા આવ્યાં છે. બધા એમાં ભાગ લેવા દોડી આવે. પાન, સોપારી, પતાસાં, અને એક વાડકી તેલ, થોડું કંકુ, આટલું જોઈએ. વ્રત ઉજવણીના અંતે બધા માથામાં એ તેલ ઘસે, સધવાના કપાળમાં કંકુ લગાડે, અને પ્રસાદમાં પાન, સોપારી, પતાસાં બધાના હાથમાં આપે.

ગુરુદેવે પાછું પૂછ્યું, 'અને મંગળચંડી?'

'એ માગશર મહિનામાં થાય. આખો મહિનો આ વ્રત કરવું પડે.'

પછી પૂછ્યું, 'આ વ્રતમાં શું શું જોઈએ?'

ગંભીર થઈને કહ્યું, 'ખાસ કંઈ નહીં. કેળના પાંદડાનો આગલો ભાગ, અનાજ, દુર્વા, ફૂલ અને મીઠા વગરની એક વાનગી. બસ, આટલામાં પૂજા થઈ જાય.

ગુરુદેવને જાણવું હતું. ખૂબ ઉત્સાહપૂર્વક વ્રતકથા કહેવા લાગી. પૂર્વ બંગાળમાં રહેવાનું, તે ઉપરાંત ગુરુદેવ જ્યારે ને ત્યારે બધાની સામે બોલાવે - પદ્માપારની કન્યા'. બહુ શરમ આવતી. મનમાં થતું આ મારો બહુ મોટો દોષ. તો પણ આ બાજુની પશ્ચિમ બંગાળની ભાષા જેટલી બને તેટલી બોલવાનો પ્રયત્ન રહેતો. ગુરુદેવ કહેઃ ના ના, આમ નહીં. જેવી રીતે વ્રતકથા બોલે છે એવી જ રીતે બોલ.

આવા શ્રોતા! સાંભળવાનો આટલો ઉત્સાહ! એક ક્ષણમાં બાંગાલ છોકરીનાં લજ્જા - સંકોચ ક્યાંય જતાં રહે, ઉત્સાહમાં આવી બે પગ સામે લંબાવી બોલું. કહું, હાથમાં ધાનદુર્વા, ફૂલ લઈને કથા સાંભળવા બેસવું પડે, અહીં એવું ક્યાંથી કરું? એમ કહું.

હું બોલું અને ગુરુદેવ ધ્યાનથી સાંભળતા જાય. વચ્ચે વચ્ચે બે આંખો પહોળી કરીને આશ્ચર્યથી બોલી ઊઠે - 'હેં! જાણે કેટલી આશ્ચર્યજનક ઘટના!

મને આવા શ્રોતા ક્યારે મળે? વ્રતકથાના પ્રવાહમાં તણાતી જાઉં છું. કેટલી વાર્તા બને, કેટલું અસંભવ સંભવ થાય, કેટલું બધું આશ્ચર્યજનક એક રાતમાં કરેલું બધું થાય! વણિક કન્યા રાત્રે જાગતી બેસી રહી છે, રાત્રિ પછી સવાર પડશે એટલે એનાં બધા દુઃખોનો અંત. રાત પૂરી થતી નથી. 'રાઇત પોહ! રાઇત પોહ! પોહાઇલ, (રાત વીતી જાઓ, રાત વીતી જાઓ, રાત વીતી ગઈ) એટલે કે સવાર પડી.

ગુરુદેવ કહેઃ 'એમ. આ ખરું? તો પછી આ વ્રત કરીએ તો શું ફળ મળે?'

ગડ ગડ કરીને બોલી જાઉં, 'નિર્ધનને ધન મળે, પુત્ર વગરનાને પુત્ર થાય, અવિવાહિતનો વિવાહ થાય, લાખોપતિની કન્યા કરોડપતિના ઘેર જાય.' મંગળચંડી વ્રત - 'અજવાળામાં રાંધી અંધારામાં ખાય એને જે માગે તે મળે. એટલે કે વ્રત કરીને વ્રતનો પ્રસાદ અંધારમાં ઊભા રહીને ખાવો પડે.

ગુરુદેવ પૂછે, 'આ વ્રત કરીએ તો પૈસા મળે?'

મેં કહ્યું, 'મળે ને, વ્રત કથામાં તો છે, નિર્ધનને ધન મળે.'

'તો પછી એમાં કેટલું ખર્ચ થાય?'

'ખાસ નહીં, ગુરુદેવ. ખાલી સવા પાંચ આના.'

તે દિવસે મને કેટલો બધો સંતોષ થયો! જાણે ગુરુદેવને મેં એક અદ્‌ભુત વાત કરી. એક દુર્લભ હકીકત સંભળાવી.

તે વખતમાં ગુરુદેવ જેટલો વખત ચૌરંગી હતા, રોજ સાંજે એમના ચાહકો, ભકતો, અનુરાગીઓ, આશ્રમનાં બહેનો-ભાઈઓ ઘણા લોકો એમને મળવા આવતા. જ્ઞાની - ગુણીજન બધા જ. તે દિવસે લખાયેલી નવી કવિતા કે લખાણ ગુરુદેવ બધાને વાંચી સંભળાવતા. નવા ગીતને તે દિવસે કોઈ સૂર બેસાડ્યો હોય તો કોઈ ગાયકો હોય તો તે લોકો શીખી લેતા. એ બધા સાથે કેટલીય વાતો-ચર્ચાઓ થતી. ખાલી પોતે કરેલું ચિત્ર સાચા કળારસિક સિવાય કોઈને બતાવતા નહીં.

તે દિવસે સાંજે પણ એ ઓરડામાં ભીડ જામી હતી. ઘણી બધી વાતો પછી શાંતિનિકેતન આશ્રમની પૈસાની સમસ્યાની વાત નીકળી. કેટલાય દિવસોથી આ વાત ચાલતી હતી, કેવી રીતે અને ક્યાંથી પૈસાનો બંદોબસ્ત થઈ શકે? કોઈએ ગુરુદેવને કોઈ જગ્યાએ ભાષણ આપવાનું સૂચન કર્યું. કોઈએ કલકત્તામાં

ગીતનૃત્યનો સ્ટેજ શો આપવાનું કહ્યું, કોઈએ અમુક લોકોને પૈસા માગતો પત્ર લખવાનું કહ્યું વગેરે. આ તે પેલું! જેને જે વિચાર આવે એવી સલાહ આપતા જાય. હું ગુરુદેવની પાછળ બેસીને શાંતિથી બધું સાંભળતી હતી, અને જે કોઈ બોલે એને જોતી હતી.

'અચાનક ગુરુદેવ બોલી ઊઠ્યા: 'અરે, તમે આટલું બધું કેમ વિચારો છો? પૈસા મેળવવાનો એક ખૂબ સહેલો ઉપાય છે.'

બધા ઉત્સુક થઈ ઊઠ્યાં. હું પણ વિસ્મયથી ગુરુદેવની સામે જોવા લાગી. એ શું ઉપાય હશે?

હું જે બાજુ બેઠી હતી તે તરફ ત્રાંસી આંખે જોઈને પછી બીજા બધા તરફ ફરીને ગુરુદેવ કહે, 'માત્ર સવા પાંચ આના ખરચ.'

સાંભળતાં જ હું તો શરમથી કોકડું વળી ગઈ. જે વાત મારી અને એમની વચ્ચે થઈ હતી તે આમ બધાને જણાવવાની?

ગુરુદેવ એમને કહેવા લાગ્યા, 'જુઓ, બીજું કંઈ નહીં, મંગળચંડી વ્રત કરો. જેટલા પૈસા જોઈએ એટલા મળી જશે.' બધા મશ્કરી સમજીને હસવા લાગ્યા.

હું શું કરું, ક્યાં છુપાઈ જાઉં? મનમાં થયું - બાંગાલ છોકરીની જાણે મોટી બદનામી. શરમ શરમ એવી શરમ કે જાણે ધરતી માર્ગ આપે તો સમાઈ જાઉં?

આ સવા પાંચ આનાની વાત ઉપર ગુરુદેવે મને કેટલીય વાર આમ શરમમાં નાખી દીધી છે. તે વખતે તો ખરું, પણ ક્યાંય સુધી હું એમ માનતી હતી કે આ બધી વ્રતકથાઓમાં જે બાંગાલપણું છે એ એકદમ જડ અને હાસ્યાસ્પદ છે. ગુરુદેવ પણ મારી શરમ જાણતા હતા એટલે જ તો આ મજાક કરીને આનંદ લેતા, નવું કોઈ આવે એટલે પૈસાની વાત નીકળતાં જ છાતીમાં ધડ ધડ થવા લાગતું. પાછી પેલી વાત નીકળશે. અને થતું પણ એમ જ. ગુરુદેવ લાગલા જ બોલી ઊઠતા, 'માત્ર સવા પાંચ આના.' અને હું જાણે ક્યાં છુપાઈ જાઉં એમ વિચારતી. બહુ વર્ષો સુધી ગુરુદેવે મશ્કરી કરી. આટલી બધી શરમ મને કેમ આવતી હશે તે આજે વિચારું છું, પણ આવતી હતી તે ચોક્કસ. મનમાં થતું કે ગુરુદેવને આ વ્રતકથા કહીને એક મોટો અપરાધ કર્યો છે. મનમાં એવું પણ થતું કે એવું કંઈ ન થાય કે ગુરુદેવ આ વાત સાવ ભૂલી જાય. અને ગુરુદેવ પણ કોણ જાણે બધાની વચ્ચે આ વાત કહેતાં તે વખતે હું કલાભવનની વિદ્યાર્થિની હતી. ગુરુદેવ ઘણી વાર અચાનક આશ્રમમાં આવી ચડતા. કલાભવનમાં તો

ખાસ આવતા. તે વખતે કલાભવનમાં એક મોટો ઓરડો થયો હતો. ત્યારે આ ઓરડો સૌથી મોટો હતો. એક દિવસ ગુરુદેવ આવ્યા. ગુરુદેવને આવતા જોઈને બધા વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ, શિક્ષકો જે જ્યાં હતાં, બધા જ વિભાગનાં એ મોટા ઓરડામાં ભેગા થઈ ગયાં. તે દિવસોમાં વર્ગના સમય બાબતમાં એટલા કડક નિયમો નહોતા. ગુરુદેવ કોઈક દિવસ ચિત્ર, કોઈક દિવસ સાહિત્ય, કોઈક દિવસ વળી આ જગતના જીવ-જીવન વિશે ગંભીર વાતો કહેતા. તે દિવસે પણ ઘણો વખત બોલ્યા. બધા સ્તબ્ધ-મગ્ન! વાત પૂરી થયા બાદ નંદદા સાથે કલાભવનની સુવિધા, અસુવિધા વિશે વાત નીકળી. આશ્રમમાં બધે જ તો આ એક સમસ્યા. પૈસાનો અભાવ નંદદાએ જણાવ્યું, મ્યુઝિયમનો ઓરડો વધારવો પડશે, જૂનાં ચિત્રો રાખવાં માટે બે-ત્રણ લાકડાની પેટીઓ જોઈશે, કલાભવનની છોકરાઓની હૉસ્ટેલનું ખડનું છાપરું હવે બદલાવવું જ પડે એવું છે વગેરે. ગુરુદેવ પણ વિચારી નહોતા શકતા કે કેવી રીતે પૈસાની વ્યવસ્થા કરી શકાય. લોકો પાસેથી માગી માગીને કેટલું ડોનેશન આવે? ગુરુદેવનો એક મજાકપૂર્ણ વિશેષ ભાવ હતો. અચાનક એ ભાવ સાથે એક ક્ષણ એમણે મારી તરફ જોયું, એવી રીતે જોયું કે બધાની નજર એ તરફ કેન્દ્રિત થઈ. બીજી જ ક્ષણે ગંભીર મોઢું કરીને બોલી ઊઠ્યાઃ 'તો પછી નંદલાલ, આટલું શું વિચારો છો? માત્ર સવા પાંચ આનાનો મામલો.'

સાંભળીને બે ઘૂંટણ વચ્ચે માથુ સંતાડી દીધું.

ગુરુદેવ હસવા લાગ્યા. નંદદા હસ્યા, છોકરાઓ પણ હસવા લાગ્યા, છોકરીઓ તો હસતાં હસતાં જમીન પર આળોટવા લાગી. આવું  વારેવારે થતું.

વિદ્યાર્થીજીવન પસાર થયું, લગ્ન થવું, સંતાનની માતા થઈ, તો પણ મારી આ સવા પાંચ આનાની વાત પર ગુરુદેવ મજાક ઉડાવતા રહ્યા અને હું સાચે જ દરેક વખત શરમથી સંકોચાઈ જતી. ચૌરંગીમાં તે વખતે ગુરુદેવ લગભગ ત્રણેક અઠવાડિયાં રહ્યા હતા. ગુરુદેવની આશ્રમ પાછા ફરવાની વાત ઊઠતાં જ આંખો ભરાઈ આવતી. વિચારી જ નહોતી શકતી કે આ પ્રેમથી વંચિત થઈને કેવી રીતે રહીશ?

માની પાસે સાંભળ્યું હતું કે પિતાજીની અમને આશ્રમમાં રાખીને ભણાવવાની ખૂબ ઇચ્છા હતી. ઘર બંધાવવા જમીન પણ ખરીદી રાખી હતી. અચાનક પિતાજી ચાલ્યા ગયા. બધું જ બદલાઈ ગયું.

ગુરુદેવનો આશ્રમમાં પાછા ફરવાનો દિવસ નક્કી થઈ ગયો. ચૌરંગીથી પાછા ફરવાનો દિવસ નક્કી થઈ ગયો. ચૌરંગીથી પાછા ફરવાના આગલા દિવસે સાંજે ગુરુદેવે દીદી અને મને બોલાવ્યા, કહે, ‘ઘણાં વર્ષો તમારાં બગડ્યાં છે. હવે બગાડવામાં લાભ નથી. કાલ સવારે તમે લોકો મારી સાથે જ ચાલો.’

બીજે દિવસે આનંદથી નાચતાં નાચતાં બે બહેનો ગુરુદેવની સાથે શાંતિનિકેતન આવી ગયાં.